# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૨૬ કેસ

## સારવાર દરમિયાન એક દર્દીનું મોત : ગાંધીનગરમાં ૧૦, કલોલમાં ૮, માણસામાં ૬ અને દહેગામમાં ૨ કેસ નોંધાયા : ૨૩,૯૦૦ થી વધુ લોકો ક્વોરોન્ટાઇન હેઠળ રખાયા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૨૬ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. આજે સારવાર દરમિયાન વધુ એક દર્દીનુ મોત પણ થયુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સારવાર દરમિયાન મોત પામનાર દર્દીઓની સંખ્યા વધીને ૫૯ થઈ છે. આજે એક વ્યક્તીનું સારવાર દરમિયાન મોત થયુ છે તે કલોલ તાલુકાના બોરીસણાના દર્દી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં વધતા જતા મૃત્યુદરની ચિંતા તંત્રને સતાવી રહી છે. સઘન સર્વેલન્સ અને સમયસરની સારવારના મુદ્દે હવે તે જન જાગૃતિ અભિયાન ચલાવવાની વ્યુહરચના અપનાવે તેવા સંકેતો મળી રહ્યા છે. જિલ્લામાં નમૂનાઓ મેળવવા માટે પણ હવે ટીમોની સંખ્યા વધારવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લામાં આજે ગાંધીનગર તાલુકામાંથી ૧૦ કેસ, કલોલમાંથી ૮, માણસામાંથી ૬ કેસ અને દહેગામમાંથી બે કેસ મળ્યા હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર તાલુકામાં કોરોના માટે હોટસ્પોટ બની ચુકેલ કુડાસણમાંથી આજે ૩ કેસ, વાવોલ, ભાટ, સિહોલી મોટી, જાખોરા, શાહપુર, ઉનાવા, ચિલોડા અને રાંદેસણમાંથી આ કેસો મળ્યા છે.

કુડાસણમાંથી એક ૨૧ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તે સોપીંગની કામગીરી માટે જ ઘરની બહાર જતી હોવાનું જાણવા મળેલ છે.

અમદાવાદમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે ફરજો બજાવતા એક ૪૧ વર્ષીય મહિલા અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેઓ અમદાવાદમાં ફરજો દરમિયાન સંવેદનશીલ વિસ્તારોની મુલાકાતે જતા હોવાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત બેંક ઓફ બરોડાની છત્રાલ શાખામાં નોકરી કરતા એક ૪૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આજે કુડાસણમાંથી ૩ કેસ મળતાં ગ્રામજનો તેમજ સોસાયટી વિસ્તારમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

ભાટમાંથી એક ૫૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેઓ અમદાવાદના કુબેરનગર વિસ્તારમાં વેપાર કરતા હોવાનું જાણવા મળેલ છે.

ઉનાવામાંથી એક ૪૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા માણસા ખાતે સ્ટાફ નર્સ તરીકે સેવારત હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં વધુ ૮ કેસ નોંધાયા

## હોમ આઈસોલેશનના કેસોની સંખ્યા વધી : આજે નોંધાયેલા કેસોમાં ૩ મહિલા દર્દીઓનો સમાવેશ : કન્ટેનમેન્ટ ઝોન અંગે તંત્રનું ભેદી મૌન

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૮ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા વધીને ૩૫૫ પર પહોંચી છે.

આજે નોંધાયેલા કેસમાં ૩ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આજે પણ ૩ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર કર્યો છે. શહેરમાં હવે હોમ આઈસોલેશન સ્વીકારનાર દર્દીઓની સંખ્યા વધી રહી છે.

શહેરમાં નાના કન્ટેનમેન્ટ જોન જાહેર કરવાની નીતિ તંત્રએ અપનાવતાં હવે શહેરમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા અંગે તંત્ર દ્વારા મૌન સેવવામાં આવી રહ્યું છે. આ કન્ટનમેન્ટ ઝોનમાં અસરકારક મોનીટરીંગ થાય તે માટે આજે કોરોના નિયંત્રણ માટે મુકાયેલ અગ્ર સચિવ સુશ્રી સુનયના તોમરે આજે તંત્રને ખાસ ટકોર કરી હતી.

શહેરમાં હવે વધતા જતા કેસોને પગલે તંત્ર દ્વારા સર્વેલન્સની કામગીરી માટે આઉટ સોર્સિંગમાંથી માણસો લેવા પડે તેવી સ્થિતિનું નિર્માણ થયુ છે.

મળતી વિગતો પ્રમાણે આજે શહેરમાં સેક્ટર-૧ માંથી, સે. ૨-બી, સે. ૫-સી, સેક્ટર-૭, સે. ૭-સી, સે. ૨૪, સે. ૨૭ અને જીઈબી કોલોનીમાંથી કેસો મળી આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે જીઈબી કોલોનીમાંથી આજે એક ૫૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા દર્દીએ હોમ

● અનુસંધાન પાન-૭ પર

# વાત ગાંધીનગરની

સરકારી કચેરીઓ શનિવારે કાર્યરત હોવા છતાં શહેરમાં ધમધમાટ જોવા ન મળ્યો. બહારના મુલાકાતીઓ નહીંવત જ રહ્યા અને કોરોના સંક્રમણનો ભય વધવાની ચર્ચાઓ વ્યાપક રીતે સાંભળવા મળતી હતી.

**એગ્રેસીવ ટેસ્ટીંગ વધારવા આગ્રહ**

કેન્દ્રિય આરોગ્ય ટીમની ગુજરાત મુલાકાતના અંતે તેમણે ભારપૂર્વક રાજ્યના ઉચ્ચ અધિકારીઓને કોરોનાના ટેસ્ટિંગનું પ્રમાણ ખૂબ જ વધારવા આગ્રહ કર્યો. નવમી માર્ચથી સત્તર જુલાઈ સુધીમાં ગુજરાતની સાડા છ કરોડની વસ્તીમાં માત્ર પાંચ લાખ ટેસ્ટ ખૂબ જ ઓછા ગણાય. કોરોનાના પોઝીટીવ કેસ વધે એની ચિંતા કર્યા વગર રેપીડ ટેસ્ટ અભિયાન તાત્કાલિક શરૂ કરવા તાકીદ કરી હતી.

**...જિલ્લાના એન્જિન ઉંધા ચાલે છે**

કેન્દ્રની આરોગ્ય ટીમ ટેસ્ટ વધારવાનો આગ્રહ કરે છે પરંતુ જિલ્લાનુ આરોગ્યતંત્ર ટેસ્ટ ઓછા કરવા મથામણ કરે છે. પોઝીટીવ ટેસ્ટની સંખ્યા ઓછી બતાવવા વારંવાર દબાણ કરે છે એવી અનેક ફરિયાદો જિલ્લાભરમાંથી ઉઠી છે. એટલે સમજાતુ નથી કે કેન્દ્રની ગાઈડલાઈન મુજબ રાજ્ય અને જિલ્લામાં ચાલવુ જોઈએ કે જિલ્લાના નિર્ણયો અને અભિગમો સ્વતંત્ર છે..?

**'કોવિડ સહાયક'ના નિર્ણય સામે વિરોધ વંટોળ**

કોરોના મહામારીની લડાઈમાં શિક્ષકો બાદ હવે મેડીકલ અને પેરા મેડીકલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો ઉપયોગ કરવાના નિર્ણય સામે વાલીઓએ બાયો ચઢાવી છે. ધો. ૧૨ પાસ કરી મેડીકલ-પેરા મેડીકલમાં પ્રવેશ મેળવનાર કુમળી વયના બાળકોને મેડીકલની પરિભાષા પણ ના આવડતી હોય તેવા એંશી હજાર વિદ્યાર્થીઓને 'કોવિડ સહાયક' તરીકે સાંકળવાના નિર્ણય સામે વાલીઓએ બાંયો ચઢાવી ભારે વિરોધ કર્યો છે. કેટલાક વાલીઓ તો પોતાના બાળકને એક વર્ષ ડ્રોપ લેવડાવવાનો વિચાર કરી રહ્યાં છે.

**પાટનગરમાં 'ખાડા પુરાણ' બહુ ચાલ્યું**

ગાંધીનગરમાં ડ્રેનેજ પાઈપલાઈન નવી નાંખવાના સમયે તેના ઉપર માટીનું પુરાણ વ્યવસ્થિત નહીં થતાં બે દિવસના ધોધમાર વરસાદમાં પુરાણનું પોત પ્રકાશ્યુ હતુ. ખાસ કરીને નવા સેક્ટરોમાં ઘર પાસે જ ખાડા પડી જતાં અવરજવરમાં ભારે હાલાકી અનુભવતા વસાહતીઓ 'ખાડા પુરાણ'ની વાતો માંડીને કરે છે. મનપા તંત્ર પણ પહેલાં વરસાદમાં પહોંચી નથી વળ્યુ એવી ફરિયાદો પણ વ્યાપક રીતે ઉઠી છે.

**શહેરમાં ઈમ્યુનિટી વધારવાનો વેપાર જોરમાં**

કોરોના સંક્રમણને પગલે નાના-મોટા તમામ ધંધાઓ જ્યારે મંદીનો અહેસાસ કરી રહ્યા છે ત્યારે ઈમ્યુનિટી વધારવા માટેના ઉકાળા, ટેબ્લેટ, જ્યુશ, ધુપ, નાશ માટેની સામગ્રીનો વેપાર જોરશોરથી ચાલી રહ્યો છે. આમાં સાચા સાથે ખોટાં પણ ચાલી જાય છે. ગ્રાહકોની મજબુરી, તત્પરતા અને ભયનો ગેરલાભ ઉઠાવતા તત્વો પણ સક્રિય બન્યા છે ત્યારે સાવધાનીની આવશ્યકતા છે. સાચા-ખોટાનો ભેટ પારખવાની પણ આવશ્યકતા છે. ભયના માહોલમાં ભળતાં નામે કોઈ ખોટુ પધરાવી ન જાય તે જોવુ જોઈએ.

**'અર્ક' આજનો...**

'પથ' અને 'શપથ' વિચારીને લેવા...

'ટેક' અને 'ટેકા' ટકે એવા લેવા...



શ્રમજીવનની પ્રસન્નતા : આખી દુનિયામાં કોરોનોનો કોલાહલ છે... પોઝિટિવ - નેગેટિવના આંકડાઓએ બંગલાઓ અને ફલેટોમાં કાગારોળ મચાવી છે... કાલે શું થશે ? એની ચિંતામાં સૌ ગરકાવ છે... ત્યારે પ્રસન્નતાની સ્થિરતા કોને કહેવાય એ તસવીર બોલે છે...

# જિલ્લા પંચાયતની આરોગ્ય શાખાના કર્મયોગીનો રિપોર્ટ જ પોઝીટીવ આવ્યો

## વધુ ૧૦ કર્મયોગીના નમૂના મેળવી પરીક્ષણ માટે મોકલ્યા : કચેરીનું સેનીટાઈઝેશન કરાયુ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા પંચાયતની આરોગ્ય શાખામાં સિની. ક્લાર્ક તરીકે ફરજ બજાવતા કર્મયોગી વિપુલ પટેલનો રિપોર્ટ પોઝીટીવ આવતાં આજે સવારથી જ પંચાયત સંકુલમાં સન્નાટાનું વાતાવરણ પ્રસરી જવા પામ્યુ હતુ.

વિપુલ પટેલને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવેલ છે. સરઢવનો વતની અને હાલ પેથાપુર નજીક રહેતો આ યુવાનના પરિવારના સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

જિલ્લા પંચાયતની આરોગ્ય શાખામાં જ કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તંત્રએ આજે આરોગ્ય શાખાના ૧૦ જેટલા કર્મચારીઓના પણ નમૂના લઈ અને તપાસણી માટે મોકલ્યા છે.

જિલ્લા પંચાયત સંકુલને આજે સંપૂર્ણ રીતે સેનીટાઈઝડ પણ બપોરના સમયે કરવામાં આવી હતી. જિલ્લા પંચાયતની કચેરીમાં મુલાકાતીઓ પર નિયંત્રણ લાદવા માટે નીચે મુલાકાતી રજીસ્ટર પણ મુકવામાં આવ્યુ છે.

# શાળામાં હસતા રમતા વિદ્યાર્થીઓ અચાનક જ ઓનલાઈન થઈ ગયા : ઉમંગ વસાણી

**શિક્ષણે આપેલી ટેકનોલોજીના સહારે શિક્ષણ પ્રક્રીયા હાલ જીવંત છે : શાળાઓ શરૂ થયા બાદ પણ હેલ્પ ડેસ્કના માધ્યમથી વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચે સતત તાલમેલ રહેવો અનિવાર્ય :શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલય ૮૫૦૦ વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપે છે : ઉમંગ વસાણી**

ગાંધીનગર તા ૧૮

સે-૨૩ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલયના સંચાલક ઉમંગ વસાણી હાલના મહામારીના સંજોગોમાં બદલાતી શિક્ષણ પધ્ધતિ અને વિદ્યાર્થીઓના માનસ માટે વિશેષ જાગૃત છે. તેમના મતે કોરોના કાળમાં શાળા સંકુલોમાં સુનકાર છે. વિદ્યાર્થીઓના કોલાહલથી ગુંજતા શાળા સંકુલો ખાલી જોઇને એક ધ્રાસકો પડે છે પરંતુ તુરંત જ બીજા પલે વિચાર આવે છે કે હાલના

**ઓનલાઇનના સહારે વિદ્યાર્થીઓને માત્ર શિક્ષણ જ નહીં પરંતુ હેન્ડ રાઇટીંગ ઇમ્પ્રવમેન્ટ , મ્યુઝિક લર્નિંગ, આર્ટ એન્ડ ક્રાફટ, સ્પોર્ટસ એકટીવીટીને અનુલક્ષીને પણ સંસ્થા દ્વારા એક યુ ટ્યુબ ચેનલ તૈયાર કરાઇ છે જેથી વિદ્યાર્થીઓ માત્ર કીતાબી ન બની રહે.**

સમયે વિદ્યાર્થીઓની સલામતી માટે આ અનિવાર્ય છે રોજ સ્કુલ બેગ સાથે શાળા સંકુલમાં હસતા રમતા અને અભ્યાસ કરતા બાળકો અચાનક ઓનલાઇન થઇ ગયા. શિક્ષણે આપેલી ટેકનોલોજીના સહારે હાલ શિક્ષણ પ્રક્રીયા જીવંત છે. સંસ્થાના ૩૫૮ શિક્ષકો દ્વારા ૮૫૦૦ વિદ્યાર્થીઓને એક પ્લેટફોર્મ પરથી ઓનલાઇન શિક્ષણ આપવામાં આવી રહ્યુ છે. કોરાનાથી દેશ દુનિયા પ્રભાવિત છે ત્યારે વિદ્યાર્થી જો લાંબા સમય સુધી જો શિક્ષણથી દુર રહે તો તેમનો વિકાસ રુંધાય પણ ઓનલાઇન શિક્ષણના માધ્યમથી વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચે એક અનોખા સેતુનુ નિર્માણ થયુ છે. આખરે કોઇપણ પડકારોનો પ્રતિકાર કરવા માટે શિક્ષણ મહદઅંશે ઉપયોગી બને છે. જો કે સારો સમય આવી રહ્યો છે તેવા વિશ્વાસ સાથે વિદ્યાર્થીઓનુ શિક્ષણ ન બગડે તે માટે સતત મહેનત કરી રહ્યા છે. આ સમયગાળામાંથી પણ શિક્ષણવિદો ઘણુ બધુ શીખ્યા છે. આ નવી પધ્ધતિ શિક્ષણના નવા આયામો અને નવી ધરી સેટ કરશે .સે-૨૨ અને સે-૨૩ સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલયના સંચાલક ઉમંગ વસાણી વધુમાં જણાવે છે કે ઓનલાઇનના સહારે વિદ્યાર્થીઓને માત્ર શિક્ષણ જ નહીં પરંતુ હેન્ડ રાઇટીંગ ઇમ્પ્રવમેન્ટ , મ્યુઝિક લર્નિંગ, આર્ટ એન્ડ ક્રાફ્ટ, સ્પોર્ટસ એકટીવીટીને અનુલક્ષીને પણ સંસ્થા દ્વારા એક યુ ટ્યુબ ચેનલ તૈયાર કરાઇ છે જેથી વિદ્યાર્થીઓ માત્ર કીતાબી ન બની રહે. કોરાનાના કપરા કાળની શરૂઆતથી જ વિદ્યાર્થીઓને અસરકારક શિક્ષણની ઉણપ ન રહે તે માટે સતત મહેનત અને મંથન કરતા ઉમંગ વસાણી તેમની સંસ્થાના દરેક શિક્ષકોને ઓનલાઇન શિક્ષણ આપવા તાલીમ આપી હતી. જેના અંતે ગત તા ૯ એપ્રિલથી ઓનલાઇન શિક્ષણ આપવાનુ પણ શરૂ કરી દીધુ હતુ. જયારે શાળા બંધ છે ત્યારે પણ હાલ ૧૦ કલાક કામ કરે છે. કોરોના કાળ બાદ પણ ક્લાસરૂમ ટીચીંગની સાથે વિદ્યાર્થીઓને ઓનલાઇન મિક્સચર આપવુ જોઇએ તેવો મત પણ તેમણે રજુ કર્યો

**કોરાનાથી દેશ દુનિયા પ્રભાવિત છે ત્યારે વિદ્યાર્થી જો લાંબા સમય સુધી જો શિક્ષણથી દુર રહે તો તેમનો વિકાસ રુંધાય પણ ઓનલાઇન શિક્ષણના માધ્યમથી વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચે એક અનોખા સેતુનુ નિર્માણ થયુ છે. આખરે કોઇપણ પડકારોનો પ્રતિકાર કરવા માટે શિક્ષણ ઉપયોગી બને છે.**

હતો. આડા દિવસોમાં શાળા ચાલુ હોય ત્યારે પણ વિદ્યાર્થીઓ સીધા શિક્ષકો સાથે જોડાયેલા રહે તે માટે હેલ્પ ડેસ્ક કાર્યરત કરવુ જોઇએ તેવો ઉમદા વિચાર પણ તેમને આ સમયગાળા દરમિયાન આવ્યો છે. વર્ષ ૨૦૦૪ થી શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલયના સંચાલક તરીકે કાર્યરત થયા ત્યારે ડે સ્કુલનો કન્સેપ્ટ નવો શરૂ થયો હતો સંસ્થાએ માત્ર ૩૦ વિદ્યાર્થી સાથે આ કન્સેપ્ટને અમલમાં મુક્યો હતો જયારે હાલ ૨૩૦૦ વિદ્યાર્થી આ સંસ્થામાં અભ્યાસ કરી રહ્યા છે.

જયારે ડે સ્કુલનો કન્સેપ્ટ વિસરાઇ ગયો છે. વર્ષ ૨૦૧૨ માં અંગ્રેજી મીડીયમમાં હરિ ઇન્ટરનેશનલ પબ્લીક સ્કુલ શરૂ કરી હાલ આ શાળામાં ૧૮૦૦ વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી રહ્યા છે. ત્યારબાદ તેમણે વર્ષ ૨૦૧૮-૧૯ માં સ્વામિનારાયણ પબ્લીક સ્કુલ અને શ્રી સ્વામિનારાયણ શિશુ વિદ્યાલયના ડાયરેક્ટર તરીકે પણ જવાબદારી સ્વીકારી લીધી તેમણે જે પરિણામ અને પ્રગતિની આશ સાથે જે જવાબદારી સ્વીકારી તેને સાર્થક કરવા વિદ્યાર્થીઓના હીતમાં હરહંમેશ તત્પર રહે છે.

# કોરોનાને ડામવા શહેરના એન્ટ્રી પોઈન્ટ પર રેપીડ ટેસ્ટીંગ જરૂરી

## શહેરમાં વધતા કોરોના કહેર વચ્ચે એન્ટ્રી પોઇન્ટ રામભરોસ : શહેરમાં અમદાવાદ સહીત અન્ય શહેરોમાંથી રોજબરોજ આવતા મુલાકાતીઓનો રેપીડ ટેસ્ટ થતો નથી : એન્ટ્રી પોઇન્ટ એકદમ ખુલ્લા નાગરિકોની બેરોકટોક અવરજવર : બહારથી શહેરમા એન્ટ્રી લેતા સંક્રમિત વ્યકિતને કોઇ તપાસ જ થતી નથી

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરમાં કોરોનાના કેસ દિવસે ને દિવસે વધી રહ્યા છે. શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં રોજબરોજ સંક્રમિતોની સંખ્યા વધતા તંત્ર માટે ચિંતા ઘેરી બનતી જાય છે. જયારે આમ નાગરિકો માટે પણ કોરોનાનો ખતરો વધ્યો છે. ત્યારે કોરોનાના સંક્રમણને અટકાવવા શહેરમાં પ્રવેશતા મુલાકાતીઓનો રેપીડ ટેસ્ટ થતો નથી શહેરના એન્ટ્રી પોઈન્ટ પર બહારગામથી આવતા મુલાકાતીઓ બેરોકટોક અવરજવર કરી રહ્યા છે. નગરમાં પ્રવેશતા મુલાકાતીઓના લીધે પણ સંક્રમણનુ પ્રમાણ વધ્યુ હોવાનુ પણ બુધ્ધિજીવીઓ માની રહ્યા છે. ત્યારે શહેરના એન્ટ્રી પોઈન્ટ પર અમદાવાદની જેમ રેપીડ ટેસ્ટ ફોર્મ્યુલા અપનાવાય તે અનિવાર્ય હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસ દિનપ્રતિદિન વધી રહ્યા છે. કોરોનાની મહામારીની શરૂઆતમાં વિદેશથી આવેલો યુવાન સંક્રમિત હોવાનુ ધ્યાને આવ્યુ હતુ જયારે ત્યારબાદ તેમના સંપર્કમાં આવેલા અને પરિવારજનોને પણ કોરોના હોવાનુ ધ્યાને આવતા તંત્ર હરકતમાં આવ્યુ હતુ જયારે બે મહીનાના લોકડાઉન દરમિયાન નગરમાં તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોરોના કાબુમાં આવી ગયો હતો જયારે એક તબક્કે ગાંધીનગરને કોરોનામુકત જાહેર કરી દેવાયુ હતુ. પરંતુ લોકડાઉનમં થોડી છુટછાટ અપાયા બાદ અમદાવાદ સહીત બહાર ગામથી આવતા નાગરિકોના લીધે પણ કોરોનાનુ સંક્રમણ વધતા નવા કેસો ધ્યાને આવ્યા હતા જયારે અન્ય શહેરોની જેમ ગાંધીનગર પણ કોરોનાની મહામારીની ઝપેટમાં આવી ગયુ હતુ. તબક્કવાર આવતા નવા કેસો અમદાવાદનો હીસ્ટ્રી ધરાવતા હોવાનુ પણ સામે આવતા શરૂઆતના થોડા દિવસો એન્ટ્રી પોઈન્ટ પર ગન ટેમ્પ્રેચરનો ઉપયોગ કરી તેમજ જરૂર સિવાય કર્મચારીઓને પણ એન્ટ્રી આપવામાં આવતી ન હતી પરંતુ અનલોક ટુ ના અંતે હવે શહેરમાં બહારગામથી આવતા મુલાકાતીઓની અવરજવર પણ વધી ગઈ છે. ગાંધીનગર પાટનગર હોવાના નાતે શહેરમાં જુદા જુદા વિસ્તારમાંથી મુલાકાતીઓ પોતાના કામ માટે આવે છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા વિકાસ અધિકારીના વ્યવહાર અને વર્તન સામે ધારાસભ્યોએ રોષ ઠાલવ્યો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારીના વર્તન-વ્યવહાર તેમજ

**રિનોવેશન પાછળ ૧૫ લાખ રૂ. મંજૂરી વગર ખર્ચનાર ડીડીઓ પાણીની મોટરના ખર્ચ માટે કરકસરની નીતિને આગળ ધરે છે : ધારાસભ્યો**

કચેરીના રિનોવેશન અંગેનો મુદ્દો આજે સંકલન સમિતિમાં પડઘાયો હતો. ૩૦ મિનિટથી વધુ આ અંગે ચર્ચાઓ ચાલી હતી.

કલેકટર સમક્ષ ધારાસભ્યોએ રોષ ઠાલવી જણાવ્યુ હતુ કે ગ્રામ્ય વિસ્તારના પ્રશ્નો રજુ કરવા ગયેલા ધારાસભ્યની રજુઆત સાંભળવાને બદલે મોબાઈલના વોટ્સએપમાં જ રચ્યા પચ્યા રહેવાની આ રીત કેવી ? સૌલેયા અને આજોલમાં પીવાના પાણીની મોટર બળી જતાં નવી લગાવવા અંગે ધારાસભ્યો અને અન્ય પદાધિકારીઓ રજુઆત કરવા પહોંચ્યા ત્યારે સરકારની કરકસરની નીતિને આગળ ધરવામાં આવી હતી.

કોંગી ધારાસભ્ય બળદેવજી ઠાકોરે જણાવ્યુ કે ૧૫ લાખ રિનોવેશન માટે ખર્ચવાની કોને મંજૂરી આપી ? જો આ રિનોવેશનના ખર્ચની ચુકવણી થશે તો તે અંગેની સઘળી જવાબદારી અધિકારીની રહેશે. ધારાસભ્યોને પગાર કાપ, ગ્રાન્ટ કાપ મુકે સરકાર

● અનુસંધાન પાન-૭ પર

# મનપાના કોવિડ-વોર રૂમની અગ્ર સચિવ સુશ્રી સુનયના તોમરે મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેર અને જિલ્લામાં વધતા જતા કોવિડ-૧૯ ના સંક્રમણને નિયંત્રિત કરવા માટે નિમાયેલા અગ્ર સચિવ સુ.શ્રી. સુનયના તોમર આજે સવારે મનપાના વોર રૂમમાં પહોંચ્યા હતા.

મનપાની કચેરીમાં પહોંચી તેમણે તંત્ર દ્વારા ચાલી રહેલી કામગીરી અંગેની વિગતો મેળવી અને કમાન્ડ કંટ્રોલ સેન્ટરની પણ મુલાકાત લીધી હતી.

તેમણે શહેરના વધતા જતા કેસો અંગે તંત્ર દ્વારા ચાલી રહેલી કામગીરીની ખુબજ ઝીણવટભરી સમીક્ષા કરી હતી. બે કલાકથી પણ વધુ સમય તેમણે મનપામાં વિતાવ્યો હતો.

તેમની આ મુલાકાત સમયે કમિશનર, કલેક્ટર, ડીડીઓ અને ના. મ્યુનિ. કમિશનર, આરોગ્ય તંત્રના અધિકારીઓ હાજર રહ્યા હતા. તેમણે તંત્રને સઘન સર્વેલન્સની સાથે સાથે ક્વોરોન્ટાઈન કરાયેલા લોકોનું પણ મોનીટરીંગ સઘન રીતે કરવામાં આવે તે માટે સૂચનાઓ આપી હતી.

ફેસેલીટી ક્વોરોન્ટાઈન સેન્ટરમાં કેટલા લોકો છે તે અંગેની વિગતો પણ જાણી હતી આ ઉપરાંત એન્ટીજીપ ટેસ્ટમાં ગતિ લાવવા પર તેમણે ભાર મુક્યો હતો. હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારતા દર્દીઓનું મોનીટરીંગ પણ આરોગ્યની ટીમો દ્વારા થાય તેવુ તેમણે ભારપૂર્વક જણાવ્યુ હતુ.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com